# રાજ્યમાં કોરોના કેસ ઘટ્યા : નવા ૧૨,૫૪૫ કેસ નોંધાયા

ગાંધીનગર, તા. ૬

રાજ્યમાં કોરોના મહામારીએ હાહાકાર મચાવ્યો છે. રાજ્યના લોકો માટે સતત પાંચમાં દિવસે રાહતના સમાચાર છે. રાજ્યમાં કોરોના વાયરસના કેસમાં મોટો ઘટાડો થયો છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૩ હજારથી ઓછા કોરોનાના કેસો નોંધાયા છે. તો બીજી તરફ મોતનો આંકડામાં પણ ઘટાડો જોવા મળી રહ્યો છે. ચાર મહાનગરોમાં પણ હવે કોરોનાના નવા કેસમાં સામાન્ય ઘટાડો જોવા મળી રહ્યો છે. ગુજરાતમાં આજે રેકોર્ડબ્રેક કોરોના કેસ નોંધાતા તંત્ર દોડતું થયું છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૨,૫૪૫ નવા કોરોના કેસ નોંધાયા છે. તો બીજી તરફ માત્ર ૧૩,૦૨૧ લોકો કોરોનાને મ્હાત આપીને સાજા પણ થયા છે. અત્યાર સુધીમાં કુલ ૪,૯૦,૪૧૨ દર્દીઓ કોરોનાને મ્હાત આપી ચુક્યા છે. જો કે, રાજ્યનો રિકવરી રેટ આજે ૭૫.૯૨ ટકાએ પહોંચ્યો હતો.

અત્યાર સુધીમાં ૧,૦૧,૬૦,૭૮૧ વ્યક્તિઓનું પ્રથમ ડોઝનું અને ૨૮,૬૯,૪૭૬ વ્યક્તિઓનું



બીજા ડોઝની રસી અપાઈ ચુકી છે. આ પ્રકારે કુલ ૧,૩૦,૩૦,૨૫૭ રસીકરણના ડોઝ આપવામાં આવ્યા છે. આજે ૧૮ થી ૪૪ વર્ષ સુધીના ૨૭,૭૭૬ વ્યક્તિઓને પ્રથમ ડોઝનું રસીકરણ કરવામાં આવ્યું છે. તેમજ ૬૦ વર્ષથી વધુ વયના અને ૪૫-૬૦ વર્ષનાં કુલ ૩૭,૬૦૯ વ્યક્તિઓનું પ્રથમ ડોઝ અને ૧,૦૯,૩૬૭ વ્યક્તિઓનું બીજા ડોઝનું રસીકરણ કરાયું છે. અત્યાર સુધીમાં રાજ્યમાં એક પણ વ્યક્તિને આ રસીની કોઈ ગંભીર આડઅસર જોવા મળી નથી. રાજ્યમાં એક્ટિવ કેસની વાત કરીએ તો કુલ ૧,૪૭,૫૨૫ એક્ટિવ દર્દી છે, જે પૈકી ૭૮૬ લોકો વેન્ટિલેટર પર છે અને ૧,૪૬,૭૩૯ લોકો સ્ટેબલ છે. ૪,૯૦,૪૧૨ લોકોને ડિસ્ચાર્જ અપાઈ ચુક્યું છે. ૮,૦૩૫ લોકોનાં મોત નિપજ્યાં છે. આજે રાજ્યમાં કોરોનાને કારણે અમદાવાદ કોર્પોરેશનમાં ૧૬, સુરત કોર્પોરેશનમાં ૯, રાજકોટ કોર્પોરેશનમાં ૮, વડોદરા કોર્પોરેશનમાં ૭, જામનગર કોર્પોરેશનમાં ૮, ભાવનગર કોર્પોરેશનમાં ૪ અને જૂનાગઢ કોર્પોરેશનમાં ૩ દર્દીના મોત થયા છે.

## કોરોના કોર્નર

- દેશમાં ફરી ચિંતાજનક સ્થિતિ છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાથી ૩૯૦૦ ના મૃત્યુ.
- શ્રીલંકાએ ભારતમાંથી આવતા નાગરિકો પર પ્રતિબંધ લાદયો.
- ઝાયડસ કેડીલાની વધુ સંપૂર્ણ કોવિડ વેક્સિન તૈયાર.
- આશારામ બાપુને કોરોના પોઝીટીવ આવતા હોસ્પિટલમાં ખસેડ્યા.
- રાષ્ટ્રીય લોકદળના સુપ્રિમો અને પુર્વ કેન્દ્રિય મંત્રી અજીતસિંહ ચૌધરીનું કોરોનાથી મૃત્યુ.
- સુરતમાં ડુપ્લીકેટ રેમડેસિવિર ઈન્જેક્શન બનાવનાર કૌશલ વોરાની ધરપકડ, ૮૦૦૦ ઈન્જેક્શન વેચી ચુક્યા છે.
- વિદેશોથી આવેલી સહાય હજુ એરપોર્ટ ઉપર પડી રહી છે.
- કેરળમાં ૧૬મી મે સુધી લોકડાઉન જાહેર કર્યુ.

## જન્મદિને વધામણી



રીયાબા સાહેબસિંહ સોલંકી
વક્તાપુર, તા. હિંમતનગર



ધનશ્રી (લાડલી)
સંદીપકુમાર પટેલ
ધનસુરા



જતિનભાઈ પ્રવિણભાઈ પટેલ
(ચેરમેન : ધી આકરૂન્દ દૂધ મંડળી)
આકરૂન્દ, તા. ધનસુરા



કોકીલાબેન એમ. જોષી
(નિવૃત્ત પ્રા. શિક્ષક : ચોઈલા પ્રા. શાળા)
૧૫, વિવેકાનંદ સોસાયટી
બાયડ, જિ. અરવલ્લી



ચેતનાબેન અતુલભાઈ પટેલ
(મુ. શિક્ષક : નેત્રોડીયા પ્રા. શાળા)
વસાદરા, તા. બાયડ



વસંત પ્રજાપતિ
બાયડ, જિ. અરવલ્લી



મુકેશ પરમાર
બાયડ, જિ. અરવલ્લી

# અરવલ્લીમાં ૨૪ કલાકમાં ૧૫નાં મોત, મોડાસા સ્મશાન ગૃહમાં ૯ના અગ્નિ સંસ્કાર

### રેમડેસિવિર ઈન્જેક્શન અને વેન્ટીલેટરની અછતથી મોતનું તાંડવ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૬

ડેન્ઝરસ કોરોનાએ અરવલ્લી જિલ્લામાં હાહાકાર મચાવ્યો છે. ૨૪ કલાકમાં ૧૫ થી વધુનાં મોત નિપજ્યાં છે. મોડાસા સ્મશાન ગૃહમાં ૯ મૃતદેહમાં અગ્નિ સંસ્કાર થયા છે. છેલ્લા ૨ દિવસથી રેમડેસિવિર ઈન્જેક્શન અને વેન્ટીલેટરની અછતથી મોતનું તાંડવ રચાયું છે. હજુ પણ સરકારી અને ખાનગી હોસ્પિટલોમાં દર્દીઓને જગા નથી અને વેઈટીંગ લીસ્ટ લંબાઈ રહ્યું છે.

અરવલ્લી જિલ્લાની સેવા કરવા માટે ભૂંગળ વગાડતા મોટાભાગના નેતાઓ મિ.ઈન્ડીયાની જેમ અદ્રશ્ય થઈ ગયા છે અને જે આગેવાનો કોરોનાના કપરા કાળમાં પોતાના જીવની પરવા કર્યા વગર સ્વયંમ અને અન્યની મદદથી સેવાકાર્ય માટે નિકળ્યા હોય તો દેખાડા કરે છે તેવા વ્યંગ કરવામાં આવી રહ્યા છે. અત્યારે તો કોરોનાના કપરા કાળમાં દેખાડો કરવા માટે પણ કોઈ નિકળતું નથી. જિલ્લામાં ભાજપ હોય કે કોંગ્રેસ તમામ આગેવાનોને પ્રજાએ હવે ઓળખી લીધા છે. સાચા અર્થમાં જે કાર્યકરો હતા તેવા જૂજ આગેવાનો આજે પણ કોઈપણ પ્રકારના મોતના ડર વગર પ્રજા કોરોનાગ્રસ્ત લોકોની અને તેના પરિવારની દિવસ-રાત મદદ કરી રહ્યા છે પરંતુ જિલ્લામાં વહીવટી તંત્ર અને આરોગ્ય વિભાગમાં ખાટલે ખોડ આવી જતાં તેનો ભોગ દર્દીઓ બની રહ્યા છે. ઓક્સિજનના નામે કકળાટ અને રેમડેસિવિર ઈન્જેક્શન બ્લેકમાં મળે પરંતુ તંત્ર દ્વારા દર્દીઓને આપવામાં આવતું નથી તેનાથી વધુ કમનસીબી બીજી શું હોઈ શકે..?? છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૧૫ દર્દીઓના મોત પછી પણ નિષ્ઠુર તંત્ર સંવેદના જગાવે તે પણ જિલ્લાની પ્રજાની મોટી સેવા ગણાશે.

## સમાજ માટે માનવતાનો સાદ : બાયડના સોની યુવકે કોરોના સંક્રમિત જ્ઞાતિજનને વિના મૂલ્યે દવાઓ આપવાનો સંકલ્પ કર્યો

### શ્રી સાબરકાંઠા શ્રીમાળી સોની કેળવણી મંડળના જરૂરીયાતમંદને લાભ મળશે

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૬

કોરોનાના હાહાકાર વચ્ચે સારવાર મોંઘી થઈ છે કેટલાક લેભાગુ મેડીકલ સ્ટોર્સના સંચાલકોએ રેમડેસિવિર ઈન્જેક્શનનું કાળા બજાર કરી કેમીસ્ટોની છાપને લાંચ્છન લગાડ્યું છે ત્યારે મૂળ બાયડના વતની અને અમદાવાદમાં મેડીકલ સ્ટોર્સ ધરાવતા નિલેષ(ગોપાલ) નવનીતલાલ સોનીએ સમાજ માટે પોતાના મેડીકલ સ્ટોર્સના દ્વારા ખુલ્લા મૂકી દીધા છે. શ્રી સાબરકાંઠા શ્રીમાળી સોની કેળવણી મંડળના જરૂરીયાતમંદ કોઈપણ કોરોના સંક્રમિત જ્ઞાતિજનને ૯ જેટલી દવાઓ વિના મૂલ્યે આપવાનો સંકલ્પ કર્યો છે.

પિતા અને ભાઈને લોકોની અને જરૂરીયાતમંદોની સેવા કરતાં જોયા હોય એટલે સ્વાભાવિક જ કોઈનું દુઃખ જોઈને મદદની ભાવના આપો આપ જન્મ લેતી હોય છે. બાયડમાં સોની પરિવાર દરેકની મદદ માટે તૈયાર હોય છે. પછી તે મદદ દવાખાનામાં મદદરૂપ થવાની હોય કે પછી કોઈ ગરીબ પરિવારના બાળકોને કપડાં,




ચપ્પલ, સૂકોમેવો આપવાનો હોય, ભોજન પીરસવાની હોય અને તે બધાથી ઉપર ઉઠી ગરીબ પરિવારના સંતાનોને સાક્ષર કરવાના હોય તેમાં તેમના યોગદાનને ક્યારેય નજર અંદાજ ન કરી શકાય.

કોરોનામાં અનેક પરિવારો બરબાદ થઈ ગયા છે. દવાઓના મોંઘાદાટ બીલ અને પરિવારના સભ્યને હોસ્પિટલમાં સારવાર એમ બેવડો માર ભલભલાને ઢાળી દેતો હોય છે ત્યારે મૂળ બાયડના વતની અને અમદાવાદમાં જયજલારામ મેડીકલ સ્ટોર્સ ધરાવતા નિલેષ સોનીએ પોતાના સમાજના કોઈપણ જરૂરીયાતમંદ કોરોના સંક્રમિત હોય તો વિના મૂલ્યે દવાઓ આપવાનો નિર્ણય કર્યો છે જેમાં ટેબ્લેટ એજીથ્રોમાઈસીન, ટેબ્લેટ ડોક્સી, ટેબ્લેટ લેવરમેક્ટીન, ટેબ્લેટ એલડાયો-૧ એમ. કેપ્સૂલ પેન્ટોડેક ડી.એસ.આર., ટેબ્લેટ ઝીંન્કોવિટ, ટેબ્લેટ લીમ્સી આ તમામ દવાઓ કોરોના સંક્રમિત દવાઓ માટે ડૉક્ટરો દ્વારા લખી આપવામાં આવતી હોય છે જેથી જે કોઈપણ જ્ઞાતિજનને દવાઓની જરૂર હોય તો મોબાઈલ નં.૯૩૭૭૧ ૬૨૯૫૨ ઉપર સંપર્ક કરવા જણાવાયું છે. ધન્ય છે બાયડની ધરાને, ધન્ય છે સોની પરિવારના સેવાભાવિ ફરજંદને.

## તલોદ પંથકના બળીયાદેવ મંદિરોમાં કોરોનાને જડમૂળથી ઉખેડવા શ્રદ્ધાળુઓ ઉમટ્યાની લોકચર્ચા

### ઠંડુ ભોજન આરોગવું, બાધા રાખવી, દોરા બાંધવા જેવી અંધશ્રદ્ધા દેખાઈ

તલોદ, તા.૦૬

કોરોનાને જડમૂળથી ઉખેડી નાખવા માટે સાણંદ વિસ્તારમાં મહિલાઓ માથે બેડાં મૂકી બળીયાદેવના મંદિરે ઉમટ્યાનો વિડીયો સોશ્યલ મીડીયામાં વાયરલ થયા પછી પોલીસ ફરિયાદ થઈ છે ત્યારે તલોદ પંથકના બળીયાદેવ મંદિરોમાં પણ કોરોનાને જડમૂળથી ઉખેડવા શ્રદ્ધાળુઓ ઉમટ્યાની લોકચર્ચા ચાલી છે. બળીયાદેવ મંદિરમાં આવતા શ્રદ્ધાળુઓ કોરોનાના ત્રાસમાંથી છૂટકારા માટે ઠંડુ ભોજન ખાવું, બાધા રાખવી, દોરા બંધાવવા અને ઉપવાસ રાખી તાંબાના ઘડામાંથી પાણી માટલામાં રેડવા જેવા અનેક પ્રયોગો શરૂ કર્યા છે અને આ બધું કરવાથી કોરોનાનું સંક્રમણ શાંત થાય તેવી અંધશ્રદ્ધા ઘર કરી ગઈ છે.

અંધશ્રદ્ધા સામે આજે પણ તંત્ર ઘૂંટણિયે પડતું જોવા મળે છે. વિજ્ઞાન જાથાના સંયોજકોએ અનેક અંધશ્રદ્ધાઓ અને પાપલીલાઓનો પર્દાફાશ કર્યા પછી પણ પ્રજા અંધશ્રદ્ધામાંથી બહાર આવતી નથી. જ્યાં જ્ઞાન અને વિજ્ઞાન પણ અસરકારક હોતું નથી ત્યારે લોકો શ્રદ્ધા રાખી દેવમંદિરોમાં પહોંચી જાય છે. તાજેતરમાં જ બળીયાદેવની પૂંજા કરવાથી કોરોનાનો રોગચાળો દૂર કરી શકાય તેવો વિડીયો સોશ્યલ મીડીયામાં વાયરલ થયા પછી તંત્ર સામે અનેક પડકારો ઉભા થયા છે. રોગચાળો તો ઠીક પરંતુ કોરોનાનું સંક્રમણ બેકાબુ બનવાનો ભય છે. દેશમાં જ્યારે વિકટ પરિસ્થિતિ ઉભી થાય ત્યારે તેને જડમૂળથી દૂર કરવા શ્રદ્ધાની લહેર જોવા મળતી હોય છે. અગાઉ કોરોનાને હરાવવા માટે પ્રજાએ ઘેરબેઠાં થાળી-ચમચી ખટખટાવ્યા હતા ત્યારબાદ દિવડા પણ પ્રગટાવ્યા હતા તેમ છતાં કોરોના ઉપર કોઈ આગવો કાબુ આવી શક્યો નથી. ત્યારે તલોદના બળીયાદેવ મંદિરોમાં પણ કંઈક આવા દ્રશ્યો જોવા મળ્યાની લોકચર્ચા જામી છે.

## પ્રાંતિજ ડેપોના કર્મચારીનું કોરોનાથી મોત, નાનાચેખલામાં કોરોના વધુ એકને ભરખી ગયો

કોરોનાએ એસ.ટી. કર્મચારીઓને સંક્રમિત કર્યા છે. પ્રાંતિજ ડેપોમાં એસ.ટી. ડ્રાઈવર તરીકે ફરજ બજાવતા તલોદ તાલુકાના નાનાચેખલાના રાજવી પરિવારના કનકસિંહ પ્રતાપસિંહ ઝાલાનું કોરોનાના કારણે મોત નિપજતાં એસ.ટી. કર્મચારીઓ સહિત પંથકમાં માતમ છવાયો છે. નાનાચેખલામાં કોરોનાથી વધુ એકનું મોત નિપજતાં સમગ્ર વિસ્તારમાં લોકોના એન્ટિજન ટેસ્ટ કરાવવાની માંગ સામે આવી છે.

ગ્રામ્ય વિસ્તારોમાં કોરોનાનું સંક્રમણ ભયજનક રીતે વધ્યું છે. ગામડાંની પ્રજા કોરોનાથી સંક્રમિત થઈ હોસ્પિટલોમાં તેમજ હોમ આઈસોલેશનમાં સારવાર લઈ રહી છે. તલોદ તાલુકાના પુંસરી, મોઢુંકા, નાનાચેખલા સહિતના વિસ્તારોમાં કોરોનાએ વિકરાળ સ્વરૂપ ધારણ કરતાં પાછલા એક મહિનામાં ૧૨ થી વધુ લોકોના મોત નિપજ્યા છે. આ વિસ્તારના કેટલાક લોકો સંક્રમિત થઈ



હિંમતનગર તેમજ ખાનગી કોવિડ હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે. નાનાચેખલાના અને પ્રાંતિજ એસ.ટી. ડેપોમાં ફરજ બજાવતા કોરોનાથી સંક્રમિત થતાં સ્થાનિક સારવાર શરૂ કરી પરંતુ તબિયત વધુ લથળતાં હિંમતનગર સિવિલમાં ખસેડવામાં આવ્યા હતા.

# ઉત્તર ગુજરાતનાં ગામડાંમાં મીની લૉકડાઉન, કોરોનાના કેસ ઘટવાની આશા દેખાઈ

### ૩૦૦૦થી વધુ ગામોમાં હોમ આઈસોલેશન બેડ ગોઠવાયા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૬

ઉત્તર ગુજરાતમાં કોરોનાનું સંક્રમણ બેકાબુ બન્યું, મૃત્યુ દર ઉંચકાયો અને હવે ઉત્તર ગુજરાતના ગામડામાં મીની લૉકડાઉનના કારણે કોરોનાના કેસ ઘટવાની આશા દેખાઈ છે. ગ્રામ્ય પ્રજા જાગ્રત બની છે અને શહેરી વિસ્તારમાં ખરીદી કરવા માટે બહાર જવાનું ટાળી રહી છે. જેના કારણે પણ ગામડાઓમાં સંક્રમણ ઘટવાની સંભાવના વધી છે. ઉત્તર ગુજરાતના ૫ જિલ્લામાં ૩૦૦૦થી વધુ ગામોમાં હોમ આઈસોલેશન બેડ ગોઠવાયા છે. કેટલાક હોમ આઈસોલેશન સેન્ટરમાં હોસ્પિટલ જેવી જ સુવિધા ઉભી થતાં હોસ્પિટલો ઉપરનું ભારણ ઝડપથી ઘટે તેવી સંભાવના છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર રાજ્ય સરકાર દ્વારા કોરોનાના કેસ વધતાં લૉકડાઉન જાહેર કરાશે તેવી સંભાવનાઓ વચ્ચે સરકારે આયોજનપૂર્વકનો નિર્ણય લઈ ૩૬ શહેરોમાં સ્વયંભૂ લૉકડાઉન સાથે અપડેટ ટ્રાન્સપોર્ટ અડધું ચાલુ રાખ્યું છે. ગામડાઓમાં આંશિક અને સ્વયંભૂ લૉકડાઉનથી ગામડાં બંધ થઈ રહ્યાં છે. ગામડાં બંધ થતાં ખરીદી માટે શહેરી વિસ્તારોમાં આવતા લોકોની સંખ્યામાં પણ નોંધપાત્ર ઘટાડો થયો છે. આ બધું જોતાં હવે શહેરી વિસ્તારોમાં છેલ્લા ૨ દિવસથી ખરીદી માટે આવતા લોકોની ભીડમાં નોંધપાત્ર ઓટ આવી છે.

વેપારીઓ પણ હવે ઓછા ગ્રાહકોથી રાહત થઈ છે તેવું જણાવી રહ્યા છે. વેપાર કરતાં પણ કોરોનાનું સંક્રમણ ઘટે તે જરૂરી છે કારણ કે યોગ્ય સારવાર છતાં પણ કોરોનાની બીજી લહેરમાં સંક્રમિત થયેલા અનેક લોકો મોતને ભેટ્યા હતા. અગાઉ એવું કહેવાતું કે ડાયાબીટીશ અને હાઈપરટેન્શન હોય તેવા દર્દીઓ માટે કોરોના જીવલેણ બન્યો છે પરંતુ કોરોનાની બીજી લહેરમાં ઉત્તર ગુજરાતમાં યુવાઓ અને ૪૦ થી ૫૫ વર્ષની વયના અનેક દર્દીઓ મોતને ભેટ્યા તે ચિંતાનો વિષય છે. ઉત્તર ગુજરાતના સાબરકાંઠા, અરવલ્લી, બનાસકાંઠા, પાટણ અને મહેસાણા જિલ્લામાં સરકાર દ્વારા મારૂગામ કોરોના મુક્ત ઝુંબેશ રંગ લાવતાં ૩૦૦૦થી વધુ ગામોમાં હોમ આઈસોલેશન સેન્ટર શરૂ કરી બેડ ગોઠવવામાં આવ્યા છે અને ત્યાં જરૂરી માત્રમાં આરોગ્ય સ્ટાફ પણ મૂકવામાં આવ્યો છે. આ બધું જોતાં સરકારી અને ખાનગી કોવિડ હોસ્પિટલો દર્દીને માત્ર આરામ માટે રાખવાનું ભારણ દૂર થયું છે.

## દુઃખદ અવસાન



બાયડ : અરવલ્લી જિલ્લા કોંગ્રેસ સંગઠન પ્રમુખ કમલેન્દ્રસિંહ પુંવારના પિતા નરેન્દ્રસિંહ પુંવાર (સરડોઈ, તા.મોડાસા)નું નિધન થયેલ છે.

•••



બાયડ : ધનસુરા તાલુકાના આકરૂન્દ ગામના કનુભાઈ પંચાલ અને નિપમભાઈ પંચાલના પિતા મોહનભાઈ રામાભાઈ પંચાલનું નિધન થયેલ છે.

•••



બાયડ : બાયડ ગામના અને હાલ મોડાસામાં રહેતા નારાયણભાઈ નાથાભાઈ ભાટીયા (નિવૃત્ત શિક્ષક : ડુઘરવાડા હાઈસ્કુલ)નું નિધન થયેલ છે. સદ્‌ગતું બેસણું વર્તમાન પરિસ્થિતિને કારણે રાખેલ નથી જેથી દરેક સગા-સબંધીઓ, મિત્રોએ પોતાના ઘરે રહી પ્રભુ પ્રાર્થના કરવી.

•••



બાયડ : બાયડના છપૈયાધામ ફ્લેટમાં રહેતા મયંકકુમાર ભાવેશભાઈ પ્રજાપતિ (પ્રા.શિક્ષક : સરસોલી પ્રા.શાળા)ના કાકા જયંતિભાઈ રામાભાઈ પ્રજાપતિ (ઈલેક્ટ્રીકલ આસીસ્ટન્ટ : પ્રાંતિજ જી.ઈ.બી.) (હાલ રહે. પ્રાંતિજ)નું નિધન થયેલ છે.

•••



બાયડના જાણીતા ગારમેન્ટ વેપારી મનિષ જૈન (રાજલક્ષ્મી રેડીમેઈડ સ્ટોર્સ-બાયડ)ના પિતા કનૈયાલાલ શિવલાલ જૈનનું નિધન થયેલ છે.

### ઉત્તર ગુજરાતમાં કોરોનાને હરાવી

# સાજા થયેલા અનેક દર્દીઓ ઉપર મ્યુકર માઈકોસીસનો ખતરો

### શરીરમાં ફુગના કારણે નાક, કાન, ગળાની બિમારીમાં સપડાયા

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૬

કોરોના કાળા માથાના માનવીઓને સાજા થયા પછી પણ પરેશાન કરવાનું છોડતો નથી. ઉત્તર ગુજરાતમાં કોરોનાને હરાવી સાજા થયેલા અનેક દર્દીઓ કે જેમને બચવા માટે રેમડેસિવિર સહીત અનેક મોંઘાં ઈન્જેક્શન લીધા હતા તેવા દર્દીઓ ઉપર શરીરમાં ફુગ એટલે કે મ્યુકર માઈકોસીસનો ખતરો મંડાયો છે. કોરોનાથી સાજા થયેલા અસંખ્ય દર્દીઓ ૨ થી ૪ મહિના પછી પણ શરીરમાં ગંભીર પ્રકારની હલચલ થાય છે તેમ કહી પરેશાની વ્યક્ત કરતા જોવા મળ્યા છે. શરીરમાં ફુગના કારણે કાન, નાક, ગળાને લગતી બિમારીમાં વધારો થયો છે. કોવિડ હોસ્પિટલો પછી સાજા થયેલા દર્દીઓ હવે ઈ.એન.ટી. સર્જનની સારવાર લેવા માટે મજબૂર બન્યા છે.

કોરોનાના ખપ્પરમાં ઉત્તર ગુજરાતના ૫૦૦ થી વધુ લોકો માત્ર સરકારી દફતરે હોમાયા છે. બિનસરકારી આંકડો ૧૫૦૦ થી વધુ હોવાની સંપૂર્ણ શક્યતા છે તે પૈકીના અતિક્રિટીકલ દર્દીઓને રેમડેસિવિર સહિતનાં મોંઘાં ઈન્જેક્શન આપી દાખલ કરવામાં આવ્યા હતા જ્યાં બાયપેપ અને ક્યારેક ગંભીર બને તો લાઈફ સપોર્ટ (વેન્ટીલેટર) સીસ્ટમના આધારે તેમને બચાવવાના મરણિયા પ્રયાસ થયા. ક્યાંક દવા અને દુઆ કામ કરી ગઈ જેથી અનેક ક્રિટીકલ દર્દીઓ સાજા થઈને ઘરે આવ્યા પરંતુ આર્થિક રીતે મોટાપાયે પાયમાલ થઈ ગયા. આવા દર્દીઓ ઘરે આવ્યા પછી યોગ્ય ખોરાક અને દવાઓ લેવા છતાં પણ શરીરમાં કંઈક તકલીફ છે તેવું પરિવારને જણાવતા રહ્યા. આ પ્રકારની બિમારી ખાસ કરીને સુગર હોય તેવા દર્દીઓમાં સાંભળવા મળી. બહાર આવતી વિગતો અનુસાર કોરોનાના ગંભીર દર્દીઓને જીવ બચાવવા માટે ઉપયોગમાં લેવાયેલ સ્ટીરોઈડ તેમજ વાતાવરણની ફુગ અને કોરોનાના કારણે દર્દીના લોહીમાં વધેલા આયરનનું પ્રમાણના લીધે આ પ્રકારનો ચેપ પ્રસરી રહ્યો છે. કેટલાક દર્દીઓના સ્વાદુપીંડને કોરોનાએ નુક્સાન પહોંચાડ્યું છે. નિષ્ણાતોનું માનીએ તો નાક અને આંખના વચ્ચેના ભાગમાં લાગતી ફુગ ગણતરીના કલાકોમાં મગજમાં પ્રવેશી બ્રેઈનસ્ટ્રોકનું સ્વરૂપ ધારણ કરે છે. કોરોનામાંથી સાજા થયેલા દર્દીઓને નાક, કાન, દાંત પછી વર્ણવી ન શકાય તેવો દુઃખાવો ઝણઝણાટી અનુભવાય તો તાબડતોબ ઈ.એન.ટી. સર્જનની સલાહ લેવી જરૂરી છે. કોરોનાને મટાડવા માટે વધારે પડતી હાઈડોઝ દવાઓના કારણે પણ આ રોગ વધુ વકર્યાનું અનુમાન છે.

### રોગનાં લક્ષણો..

- આંખમાં ખંજવાળ આવવી.
- દાંતના ઉપલા જડબામાં ઝણઝણાટી થવી.
- નાકમાંથી લોહી, રસી પડવી.
- નાક, આંખ પાસે અસામાન્ય દુઃખાવાનો અનુભવ.
- આંખના પાછળના ભાગે કરંટ લાગતો હોય તેવો દુઃખાવો.
- નાકમાંથી દુર્ગંધ આવવી, નાક બંધ થઈ જવું.